# SHRI K.K. SHASTRI GOVERNMENT COMMERCE COLLEGE

Shri K.K. Shastri Educational Campus, Khokhra Road,
Maninagar (East), Ahmedabad-380008
NAAC Accredited 2.49 CGPA : UGC Recognized 2(f) & 12(B): Affiliated with Gujarat University


NO:SKKSGCC/2026/NOTICE/124 AUGUST 12, 2026

## શૈક્ષણિક વર્ષ: 2026-27 B.COM(NEP) SEM-7 ની સત્ર ફી ભરવા અંગે નોટિસ

શૈક્ષણિક વર્ષ:2026-27 અત્રેની કોલેજમાં અભ્યાસ કરતાં બી.કોમ.(NEP) સેમેસ્ટર:૭ ના તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ: 2026-27 ના બી.કોમ.(NEP) સેમેસ્ટર-૭ ની સત્ર ફી(રોકડ) કોલેજ ખાતે ઓફલાઈન માધ્યમથી જમા કરાવવાની થાય છે.દરેક વિદ્યાર્થીઓએ નીચે જણાવેલ કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની તારીખો દરમ્યાન ફી ભરવાની રહશે.

નોધ: જે વિધાર્થીઓએ સેમ-૭ ના પ્રવેશ ફોર્મ તથા ડોક્યુમેન્ટ જમા કરાવેલ છે તેવા વિદ્યાર્થીઓ માટે

| તારીખ | ફી ની વિગત | ફી ભરવા માટેનું સ્થળ | ફી ભરવા માટેનો સમય |
|---|---|---|---|
| ૧૯/૦૮/૨૦૨૬ અને ૨૦/૦૮/૨૦૨૬ | કુમાર- ૧૧૩૫/- | રૂમ નંબર-૧૧૩ | સમય : ૧૦:૦૦ (સવારે) થી ૧૨:૦૦ (બપોર) દરમિયાન |
| | કન્યા - ૫૩૫/- | | |

ડૉ.યોગેશ યાદવ
આચાર્ય, (GES-I)
શ્રી કે.કા.શાસ્ત્રી સરકારી વાણિજ્ય કોલેજ,
મણિનગર(પૂર્વ), અમદાવાદ.

ગુજરાત યુનિવર્સિટી
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૯
ગુજરાત, ઇન્ડિયા
ફેક્સ:(૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન:૨૬૩૦૧૩૪૧-૦૩૪૨-૦૩૪૩-૦૧૨૬

NAAC Grade A+

GUJARAT UNIVERSITY
Office of the Gujarat University,
Post Box No. 4010, Navrangpura,
Ahmedabad-380009
Gujarat, India
www.gujaratuniversity.ac.in
Fax:(079) 26302654
Telephone:26301341-0342-0343-0126

## ચોથા વર્ષના સ્નાતક કક્ષાએ (યુ.જી.) ઑનર્સ કાર્યક્રમ માટે માર્ગદર્શિકા (Revised)

૧. ઉચ્ચ શિક્ષણ કાર્યક્રમ માટે બે પ્રકારની વ્યવસ્થા રહેશે જેમાં (A) ૩(ત્રણ) વર્ષનો સ્નાતક કક્ષાનો(યુ.જી) ડિગ્રી અને ૨(બે) વર્ષનો અનુસ્નાતક કક્ષાનો(પી.જી) ડિગ્રી કાર્યક્રમ (B) ૪(ચાર) વર્ષની સ્નાતક કક્ષાનો(યુ.જી) ડિગ્રી અને ૧(એક) વર્ષનો અનુસ્નાતક કક્ષાનો (પી.જી) ડિગ્રી કાર્યક્રમ.

૨. જે વિદ્યાર્થીઓ ચોથા વર્ષ (ઑનર્સ)માં અભ્યાસ ચાલુ રાખવા ઇચ્છે છે, તેમને પહેલા તમામ ૬(છ) સેમેસ્ટર સફળતાપૂર્વક પાસ કરેલા હોવા જરૂરી રહેશે.

૩. ૭૫% કરતાં વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ જ "ઑનર્સ વિથ રિસર્ચ" કાર્યક્રમ માટે પાત્ર ગણાશે.

૪. ઓનર્સ પ્રોગ્રામ માટે જે ટીચીંગ સ્ટાફની ઘટ જણાય તો તે માટેની લાયકાત ધરાવતા ટીચીંગ સ્ટાફની હંગામી ધોરણે વ્યવસ્થાની જવાબદારી કોલેજોએ કરવાની રહેશે.

૫. સ્નાતક કક્ષાએ મળેલી માધ્યામ દીઠ ગુજરાત યુનિવર્સિટીની માન્યતાના આધારે જ કોલેજો સેમેસ્ટર ૭ અને ૮ માં ૩(ત્રણ) પાથવે (Honours, OJT, Honours with Research) મળીને એક ડિવિઝન ચલાવી શકશે.આ ઉપરાંતનો કોઇ વધારાનું ડિવીઝન શરૂ કરવા કોલેજોએ ગુજરાત યુનિવર્સિટીની પૂર્વ મંજૂરી મેળવવી ફરજીયાત રહેશે.

૬. કોલેજો સેમેસ્ટર-૭ અને સેમેસ્ટર-૮ની ફી, સેમેસ્ટર-૫ અને સેમેસ્ટર-૬ના માળખા અનુસાર ફી લેવાની રહેશે.

૭. યુ.જી.સી.ની માર્ગદર્શિકા મુજબ (FYGUP પાના નં. ૧૦), જે કોલેજ પાસે જરૂરી માળખાકીય સુવિધાઓ (Infrastructure), કમ્પ્યુટર લેબોરેટરી, પુસ્તકાલય તથા ઓછામાં ઓછા ૨(બે) પીએચ.ડી. માર્ગદર્શકો (Ph.D. Supervisors) ઉપલબ્ધ હોય,માત્ર તે જ કોલેજ Honours with Research કાર્યક્રમ શરૂ કરી શકશે. દરેક પીએચ.ડી. માર્ગદર્શક વધુમાં વધુ ૪(ચાર) સંશોધન વિદ્યાર્થીઓનું માર્ગદર્શન આપી શકશે.

૮. શિક્ષણ વિભાગના શૈક્ષણિક કેલેન્ડર મુજબ સેમેસ્ટર-૭ના નિયમિત વર્ગો શરૂ કરવામાં આવશે.

૯. **યુનિવર્સિટી રેન્કિંગ :** પ્રથમ ૫૦ યુનિવર્સિટી રેન્કિંગ માત્ર સેમેસ્ટર અંતિમ પરીક્ષા (SEE)ના ગુણોના આધારે નક્કી કરવામાં આવશે.

૧૦. **ઓનર્સ ડિગ્રી માટે પોર્ટલમાં વિગતો અપડેટ કરવી :** જે તમામ કોલેજોમાં ઓનર્સ ડિગ્રી કાર્યક્રમો ચલાવવામાં આવે છે, તેમણે ૭ મા અને ૮મા સેમેસ્ટર માટે મેજર (કોર) અને માઇનર વિષયોની વિગતો યુનિવર્સિટીના પોર્ટલ પર ફરજિયાત રીતે અપડેટ કરવી.

૧૧. **ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ઓનર્સ ડિગ્રી કાર્યક્રમમાં પ્રવેશ :** ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન અન્ય કોલેજોના વિદ્યાર્થીઓને, યુનિવર્સિટીના લાગુ પડતા નિયમો અને પાત્રતાના માપદંડોને આધારે, ઓનર્સ ડિગ્રી કાર્યક્રમમાં પ્રવેશ આપી શકાશે.

૧૨. **માઇનર વિષયમાં ફેરફાર :** જે વિદ્યાર્થીઓએ સેમેસ્ટર ૬ સુધી પોતાના માઇનર વિષયમાં કોઇ ફેરફાર કર્યો નથી, તેઓને યુનિવર્સિટીના નિયમો અનુસાર સેમેસ્ટર ૭ માં માઇનર વિષય પસંદ કરવા અથવા બદલવાની મંજૂરી આપવામાં આવશે.